બી.એડ્. અભ્યાસક્રમ સંદર્ભે તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને સંલગ્ન સ્થાનિક યુનિવર્સિટી સાથે એફીલિએશન મેળવવા તથા ડી.એલ.એડ્. અને બી.એડ્. અભ્યાસક્રમમાં તાલીમાર્થીઓને પ્રવેશ મેળવવા તેમજ પી.એસ.ટી.ઇ.શાખાની કામગીરી ફાળવવા બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: જશભ/૧૨૨૩/સિ.ફા./૪/ન

સચિવાલય, ગાંધીનગર.

31 MAY 2023

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો તા.૦૪/૦૫/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:જશભ/૧૨૧૭/સિં.ફા.નં.૪૪/ન

(૨) Indian Institute Of Teacher Education, ગાંધીનગરના તા.11/04/2023ના પત્ર ક્રમાંક :IITE/Academic/14/101 To 119-2232/2023

(૩) જીસીઈઆરટી,ગાંધીનગરની તા.૧૫/૦૪/૨૦૨૩ની સિંગલ ફાઇલ નં.૪

આમુખ:

શિક્ષણ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી બે વર્ષીય બી.એડ્.અભ્યાસક્રમ સંદર્ભે તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું IITE, ગાંધીનગર સાથે એફીલિએશનની મંજૂરી આપવામાં આવેલ હતી. જેની વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના IITE ,ગાંધીનગરના પત્ર અન્વયે બે વર્ષીય બી.એડ્.અભ્યાસક્રમ સંદર્ભે તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું IITE, ગાંધીનગર સાથે ડીએફીલિએશન કરેલ છે. આથી વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામેની સિંગલ ફાઇલથી રાજ્યના તમામ ૧૯ ડાયટને આઇ.આઇ.ટી.ઇ. ગાંધીનગર સાથે ડીએફીલિએશન કરી સંલગ્ન સ્થાનિક યુનિવર્સિટી સાથે એફીલિએશન કરવા બાબતે મંજૂરી આપવા નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ ભવને દરખાસ્ત કરેલ.

Scanned with CamScanner

પ્રસ્તુત દરખાસ્ત અનુસાર રાજ્યમાં ચાલતા તમામ ૧૯ ડાયટ બી.એડ્. અને એમ.એડ્.ને આઇ.આઇ.ટી.ઇ. ગાંધીનગર સાથે ડીએફીલિએશન કરી સંલગ્ન સ્થાનિક યુનિવર્સિટી સાથે એફીલિએશન કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર હેઠળ રાજ્યના તમામ ૧૯ ડાયટ બી.એડ્. અને એમ.એડ્.ને આઇ.આઇ.ટી.ઇ. ગાંધીનગર સાથે ડીએફીલિએશન કરી સંલગ્ન સ્થાનિક યુનિવર્સિટી સાથે એફીલિએશન કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે. આ ઉપરાંત જી.સી.ઇ.આર.ટી. હેઠળના ડાયટમાં ચાલતા બી.એડ્. અને ડી.એલ.એડ્.અભ્યાસક્રમ સંદર્ભે નીચે મુજબ મંજૂરી આપવામાં આવે છે.

મુદ્દા:-

૧. જી.સી.ઇ.આર.ટી. હેઠળ ચાલતા ડાયટની પી.એસ.ટી.ઇ. શાખામાં પાંચ કે તેથી વધુ અધ્યાપકો હોય તે જ ડાયટમાં તાલીમાર્થીઓનો પ્રવેશ ફાળવવાનો રહેશે.

૨. જી.સી.ઇ.આર.ટી. હેઠળ ચાલતા ડાયટમાં બી.એડ્. અને ડી.એલ.એડ્. બંને કોર્સ ને બદલે ડાયટને તેની પસંદગીનો કોઇપણ એક જ કોર્સ ચાલુ રાખવાનો રહેશે.

૩. જી.સી.ઇ.આર.ટી. હેઠળ ચાલતા ડાયટની પી.એસ.ટી.ઇ. શાખામાં ઓછા અધ્યાપકો હોય તે ડાયટમાં તાલીમાર્થી પ્રવેશ ન મેળવવા પરંતું જોડાણ (એફીલીએશન) ચાલુ રાખવાનો રહેશે.

૪. જી.સી.ઇ.આર.ટી. હેઠળ ચાલતા ડાયટના ડી.એલ.એડ્. કે બી.એડ્. અભ્યાસક્રમમાં ૧૦ કે તેથી ઓછા તાલીમાર્થીઓ હોય તે નજીકની અન્ય સંસ્થામાં ફાળવવાના રહેશે.

૫. જી.સી.ઇ.આર.ટી. હેઠળ ચાલતા ડાયટમાં ડી.એલ.એડ્. કે બી.એડ્. અભ્યાસક્રમમાં તાલીમાર્થીઓ ન હોય તે ડાયટના પી.એસ.ટી.ઇ. શાખાના અધ્યાપકોને તે જ ડાયટની અન્ય શાખામાં કામગીરી ફાળવવા અથવા જે ડાયટમાં બી.એડ્. અને ડી.એલ.એડ્.નો અભ્યાસક્રમ ચાલતો હોય તેવા અન્ય ડાયટમાં મૂકવાના રહેશે.

Scanned with CamScanner

આ હુકમ સમાન ક્રમાંકની ફાઇલ પર તા.૦૨/૦૫/૨૦૨૩ની નોંધથી સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયશ્રી દેવાંગન)
સંયુક્ત સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

(૧). માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨). માન.મંત્રીશ્રી રા.ક.(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩). અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪). સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫).નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ,કમિશનરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨,ડો.જી.મ.ભવન, ગાંધીનગર.

(૬). નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ ભવન, 'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.

(૭). રજીસ્ટ્રારશ્રી, Indian Institute of Teacher Education,સેક્ટર-૧૫,ગાંધીનગર. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૮). રજીસ્ટ્રારશ્રી,ગુજરાત યુનિવર્સિટી,નવરંગપુરા,અમદાવાદ. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૯). રજીસ્ટ્રારશ્રી,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૧૦). રજીસ્ટ્રારશ્રી,હેમચંન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૧૧).રજીસ્ટ્રારશ્રી,શ્રી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,બિલ્ખા રોડ,ગવર્મેન્ટ પોલીટેક્નીક કેમ્પસ,ખાડિઆ,જુનાગઢ.

(૧૨). રજીસ્ટ્રારશ્રી,શ્રી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી,ગૌરીશંકર તળાવ રોડ,ભાવનગર. (જરૂરી કાર્યવાહી (જરૂરી કાર્યવાહી સારૂ) સારૂ)

(૧૩).રજીસ્ટ્રારશ્રી, શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગવર્મેન્ટ પોલીટેક્નીક કેમ્પસ, RTO રોડ,ગડુકપુર, ગોધરા, જિ.પંચમહાલ. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૧૪). રજીસ્ટ્રારશ્રી,શ્રી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૧૫). રજીસ્ટ્રારશ્રી,શ્રી કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી,ચંગ્લેશ્વર મહાદેવ મંદિર પાસે,મુંદ્રા રોડ,ભુજ,કચ્છ. (જરૂરી કાર્યવાહી સારૂ)

Scanned with CamScanner